જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૭/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૪૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૨	૦	૧૧૬૩૨	૧૭૭૪૩	૦	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૮	૦	૯૮	૩૪૭	૦	૩૪૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૭૨૫	૭૮	૬૩૮૦૩	૬૪૩૦૯	૭૭	૬૪૩૮૬
કુલ		૮૦૧૮૪	૭૮	૮૦૨૬૨	૮૮૬૬૩	૭૭	૮૮૭૪૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૯	૪૧,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦૫	૮,૦૫,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૪૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૫૮ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૮ ક્વોટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

દાઝી જતાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૪૬/૨૦૨૧**

નરોડા : નરોડા ખાતે આવેલ "વી એન્ડ કે" કેમીકલ કંપનીમાં કામ કરતા અને ત્યાંજ રહેતા ગોવિંદભાઇ શૈતાનભાઇ બારડ (ઉ.વ.૩૪) (મુળ વતન. ગામ-અડેસણ, તા.-દાંતા, જી.-બનાસકાંઠા) તા.૦૯/૦૭/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે કંપની ખાતે બોઇલરમાં કેમીકલ નાંખતા હતા ત્યારે બોઇલર ઉભરાતા ગોવિંદભાઇના આખા શરીર પર કેમીકલ પડતા ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

ટ્રેઇનની ટક્કર વાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૪૭/૨૦૨૧**

ઇસનપુર : રણજીતસિંહ ચતુરસિંહ ચૌહાણ (ઉ.વ.૬૦)(રહે.સ્વામીનારાયણ પાર્ક, વિભાગ-૦૨, ભમ્મરીયા, નારોલ) તા.૦૯/૦૭/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગે કેડીલાબ્રીજ નીચે રેલ્વે ડાઉન લાઇનની સાઇડથી પસાર થતા હતા ત્યારે મેમુ ટ્રેઇન ની ટક્કર વાગતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૪૮/૨૦૨૧**

એરપોર્ટ : નરેશભાઇ જયરામભાઇ ભીલ (ઉ.વ.૪૦)(રહે.ભીલવાસ, પાણીની ટાંકી સામે, આંબાવાડી સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભરતસિંહ ફતેસિંહ ચલાવે છે.

ઘાટલોડીયા : જગતપુર ગામ, જગતપુર ફાટક પાસે આવેલ “યશ ઇવાના સ્કીમ” ખાતે સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા બલવીર રાજનારાયણ યાદવ (ઉ.વ.૨૨)(મુળ વતનઃ ગામ-ગરૌતીતા, જી.બાદા, ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૭/૨૧ રાતના ૧૧/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે ચાંદલોડીયા જગતપુર ફાટક પાસે ટ્રેઇન સાથે ટકરાઇ જતા શરીરે ગંભીર ઇજા થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગિરવતસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી